# BOOKFAIR BULLETIN

6/1/2024

DAY 1

9th Vibrant AMDAVAD NATIONAL BOOK FAIR
6th to 12th Jan. 2024
GMDC GROUND



આજે તારીખ ૬ જાન્યુઆરી, ૨૦૨૪ સવારે ૯:૦૦ કલાકે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા અમદાવાદના જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે 'વાઈબ્રન્ટ અમદાવાદ નેશનલ બુકફેર'ને જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવ્યો. તેમજ મુખ્યમંત્રીશ્રી દ્વારા પુસ્તકની પરબમાં પુસ્તકનું દાન કર્યું. 'અમદાવાદ નેશનલ બુક ફેરનો દૈદીપ્યમાન દસકો શબ્દ સાધના' એટલે અમદાવાદ નેશનલ બુક ફેરની ૧૦ વર્ષની ઝાંખી કરાવતું કોફી ટેબલ બુક પુસ્તકનું વિમોચન કર્યું.

ચિલ્ડ્રન ફિલ્મ ફેસ્ટિવલમાં 1. Secrets of an old gun-Czech Republic 2. A Summer without Fireflies 3. The Kid (Charlie Chaplin) ફિલ્મો બતાવવામાં આવી અને ત્રિવેણી કાર્યક્રમ હેઠળ લોક સાહિત્ય અને હાસ્ય : પદ્મશ્રી ભીખુદાન ગઢવીનું આયોજન થયું હતું.










અમદાવાદ નેશનલ બુક ફેરના પહેલા દિવસના ઉદ્‌ઘાટનના કાર્યક્રમને બાળસાહિત્યથી શરૂ કરવામાં આવેલ. જ્ઞાનગંગા વર્કશોપ હેઠળ સવારે બાર વાગ્યાથી બપોરે ત્રણ વાગ્યા સુધી યશવંત મહેતા તથા કૃષ્ણ દવે દ્વારા બાળસાહિત્ય લેખન વિશે વિશેષ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. યશવંત મહેતાએ ખુશ થઈને લાગણીભર્યા સ્વરે કહ્યું કે, 'આ નેશનલ બુક ફેરના પહેલા દિવસમાં જ અને પાછા પહેલા સત્રમાં બાળસાહિત્ય લેખનની વાત મૂકવાનો મોકો મળ્યો એ મારા માટે આનંદની અનુભૂતિ છે.'

કૃષ્ણ દવે. તેમણે વર્કશોપના પ્રારંભે જ પોતે આપેલા ત્રણ સૂત્ર કહ્યા, 'જય બાળક, જય બાળ સાહિત્ય અને જય બાળ સાહિત્યકાર.' આ ત્રણ સૂત્રો દ્વારા જ તેઓનો બાળકો અને બાળસાહિત્ય પ્રત્યે કેટલા સમર્પિત છે તે બતાવે છે. વર્કશોપ દરમિયાન શ્રોતાઓના પ્રશ્નો અને તેમને બાળસાહિત્ય લેખન સાથે જોડતી પ્રવૃત્તિ પણ કરવામાં આવી. જેમાં બાળગીતનું ગાન, બાળવાર્તાનું લેખન સવાલ-જવાબ કરવામાં આવ્યું હતું.

યશવંત મહેતા જણાવે છે કે, 'નાનેરા વાચકોને જો મહાભારતનો પરિચય કરાવવો હોય તો એમના હાથમાં સૌથી પહેલાં રમણલાલ નાનાલાલ શાહનું મહાભારત પુસ્તક 'બાળકોનું મહાભારત' હાથમાં આપવું જોઈએ' ૧ થી ૬ વર્ષના સમયગાળા દરમિયાન બાળકોની બુદ્ધિનો વિકાસ થાય છે, ૩ થી ૫ વર્ષના બાળકોને શિશુકથા ઉપરાંત પ્રાણીઓ અને પશુઓના ગીતો કે કવિતાઓના ૨ થી ૩ પાનાં વાંચવા દેવા જોઈએ. ૫ થી ૮ વર્ષના બાળકોને ચાતુર્યકથા, બાળવાર્તા જેમાં બીરબલ કે તેનાલીરામન જેવા ઉત્કૃષ્ટ નમુનારૂપ પુસ્તકો વાંચવા દેવા જોઈએ તેમજ ૧૨ થી ૧૬ વર્ષના કિશોરોને એડવેન્ચર સ્ટોરી અથવા જીવનકથા વાંચવા દેવી જોઈએ.




સર્જક સંવાદ કાર્યક્રમ અંદર સંવાદદાતા હરીશ મીનાશ્રુ અને યજ્ઞેશ દવે સાથે બે કલાક જેટલો સમય સાહિત્ય ઉપર વાટાઘાટો ચાલી. તે દરમિયાન હરીશ મીનાશ્રુ દ્વારા પોતાની 'સાધો' નામક ગઝલ પ્રસ્તુત કરીને લોકોની દાદ મેળવી હતી. તેમનું પુસ્તક 'બનારસ ડાયરી'ને વર્ષ ૨૦૧૬માં રાષ્ટ્રીય કક્ષાનો સાહિત્ય પુરસ્કાર મળેલ છે. એમને પોતાના અનુભવો અને ભૂતકાળના સ્મરણોને યાદ કરતાં, ડાંગી રામાયણ, બચુ ભાઈના છંદો તેમજ અનેક યાદગાર સ્મરણો તેમજ તેમના લેખન અને સાહિત્યના પડદા પાછળની વાતોને લોકો સુધી પહોંચાડી.

યજ્ઞેશ દવે દ્વારા ૧૯૨૦ની આસપાસથી વર્તમાન સુધીની હિસાબની ડાયરીઓ એમણે રાખી છે એમના દાદા અને પિતાએ લખેલા સામાજિક આર્થિક બાબતોનું પણ દસ્તાવેજીકરણ કરેલું છે. તેમણે કહ્યું કે આ દસ્તાવેજીકરણની ટેવથી મારી પાસે સાહિત્યક કામનો આનંદ મળે છે. તેમની કવિતા 'ગંદ મંજુશા'ને દિલ્હી સાહિત્ય અકાદમી એવોર્ડ મળેલ છે.

પદ્મશ્રી ભીખુદાન ગઢવીએ પોતાની આગવી શૈલીથી લોકોને ડાયરા અને સાહિત્યિક આનંદ કરાવ્યો હતો. એમણે એમનો અનુભવ પ્રગટાવતા કહ્યું કે, 'અમદાવાદ પુસ્તકમેળો અદ્‌ભુત છે અને તેમાં જે પુસ્તકો છે એ અમુલ્ય છે.' તે પછી યુવાનો પુસ્તકો વાંચે અને વિચારે તો વર્તમાનમાં જીવવાંની મઝા આવશે.' આવા વિચારો સાથે શ્રી ભીખુદાન ગઢવીએ કાર્યક્રમને ઝવેરચંદ મેઘાણી દ્વારા લિખિત કસુમ્બીનો રંગ... લોકગીત ગાઈને પ્રથમ દિવસના બુકફેરને પૂર્ણાહુતિ આપી હતી.